**મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ "ભીંડા પાકમાં એક દિવસીય ફિલ્ડ ડે કાર્યક્રમ" યોજાયો**

---

માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **" ભીંડા પાકમાં એક દિવસીય ફિલ્ડ ડે કાર્યક્રમ"** વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ તા. ૨૪/૦૧/૨૦૨૪ ના રોજ **ગુજરાત સરકાર શ્રી દ્રારા અનુદાનિત પ્લાન યોજના** અંતર્ગત યોજેલ. ડૉ. એમ. કે. ઝાલા સાહેબ, સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આ ફિલ્ડ ડે કાર્યક્રમના આયોજનની પરવાનગી થી વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ તાલીમમાં આણંદ જીલ્લાના જુદા જુદા ગામો ના (ગોપાલપુરા, ઝાખાલા, જોષીપુરા, ચકલાસી વિગેરે) કુલ-૫૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના યુનિટ અધિકારી અને સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) ડૉ. આર. આર. આચાર્ય દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોને તેમજ ખેડૂતોને આવકાર્યા બાદ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકાયો. આ એક દિવસીય ફિલ્ડ ડે કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. વી. કે. ગુપ્તા, પ્રિન્સિપાલ સાઇંટિસ્ટ, આઈ.સી.એ.આર.-સેન્ટ્રલ પોટેટો રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પ્રાદેશિક સ્ટેશન, મોદીપુરમ દ્વારા હાજરી આપી ખેડૂતોને બટાકા પાક ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ તેમજ નવી સંશોધિત જાતો અને તેમની જરૂરી લાક્ષણિકતાઓ વિષે વિગતે માહિતગાર કર્યા. ત્યારબાદ ડૉ. એમ.એમ. પંડ્યા ધ્વારા ખેડૂતો ને રીંગણ અને ભીંડા તેમજ ડૉ. એન.એ.પટેલ ધ્વારા ટામેટાં અને મરચાં ની સુધારેલી જાતો, તેની ખેતી દરમ્યાન આવતી સમસ્યાઓ અને તેના નિરાકરણ વિશે પધ્ધતિસર વિગતવાર માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ. તેમજ ડૉ. સી. કે. બોરડ ધ્વારા ભીંડા પાકમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન વિશે વિસ્તૃત માહિતી આપેલ. આસાથે શ્રી કે. જે. વેકરીયા અને અન્ય વૈજ્ઞાનિકો એ ખેડૂતો ને ક્ષેત્ર પ્રદર્શન દ્રારા શાકભાજીમાં સુધારેલ બિયારણ અને વૈજ્ઞાનિક ખેતીના ઉપયોગથી થતા ફાયદાઓની ખેડૂતો ને રૂબરૂ અનુભૂતી કરાવી. ડૉ. આર. આર. આચાર્ય ધ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેડૂતોને જુદા જુદા શાકભાજી પાકોની સંશોધીત જાતો વિષે માહિતગાર કરવામાં આવ્યા. અંતમાં, ડૉ. એમ. એમ. પંડયા એ સર્વેનો મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર વતી આભાર વયક્ત કરી આ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.

**સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)**









